પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

ક્રમાંકઃ એસ.બી/ વહીવટી વર્ગ-૧-પરીક્ષા /૬૪/૨૦૨૫

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી તા.૨૦/૦૪/૨૦૨૫ રવિવારના રોજ ક.૧૨/૦૦ થી ક.૧૫/૦૦ વાગ્યા સુધી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

## :: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

ગુજરાત વહિવટી સેવા વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલીકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની પ્રીલીમીનરીની પરીક્ષાના કેંદ્રો

| અ.નં. | પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ) |
|---|---|
| ૧ | ૨ |
| | ઉમરા પો.સ્ટે. |
| ૧ | સર વી.ડી.ટી ગર્લ્સ હાઈસ્કુલ,યુનિટ-૧ વનિતા વિશ્રામ, અઠવાલાઈન્સ, સુરત |
| | ખટોદરા પો.સ્ટે. |
| ૨ | આઈ.જી.દેસાઈ, યુનિટ-૧, ભટાર ચાર રસ્તા, અલથાણ રોડ, સુરત |
| ૩ | સી.એસ.વિદ્યાભારતી ઇગ્લીસ સ્કુલ, ભટાર ચાર રસ્તા ગુરૂ નાનક દેવજી માર્ગ ,સુરત. |
| ૪ | વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા રોડ,સુરત. |

| | |
|---|---|
| | અલથાણ પો.સ્ટે. |
| ૫ | એસ.ટી. થોમસ ઇ.મી. હાઇ સેકન્ડરી સ્કુલ ન્યુ સીટીલાઇટ રોડ, ભરથાણા અલથાણ સુરત. |
| ૬ | શ્રી ડી.કે. ભટારકર વિદ્યાસંકુલ માધ્યમિક શાળા (ગુજરાતી માધ્યમ) સીવાની પાર્ક અલથાણ રોડ |
| | રાંદેર પો.સ્ટે. |
| ૭ | સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા, સુરત |
| ૮ | સંસ્કારભારતી વિદ્યાલય, અં.મા., પાલનપુર પાટીયા, સુરત |
| ૯ | પીપરડીવાલા ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ , એસ.વી. પટેલ રોડ રાંદેર સુરત |
| ૧૦ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા - યુનિટ-૧ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૧૧ | ધ પંચશીલ મર્કન્ટાઇલ કો.ઓ.પો.બેંક માધ્યમિક શાળા- યુનિટ-૨ પાલનપુર પાટીયા રાંદેર રોડ |
| ૧૨ | પ્રેસીડેન્સી સ્કુલ, યુનિટ-૧ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૩ | પ્રેસીડેન્સી સ્કુલ, યુનિટ-૨ પ્રગતિ સોસા. સુદામા હોટલની પાછળ, તાડવાડી, રાંદેર, સુરત |
| ૧૪ | રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત. |
| ૧૫ | રેડિયન્ટ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉગત કેનાલ રોડ, જહાંગીરબાદ, સુરત. |
| ૧૬ | લોકમાન્ય હાઇસ્કુલ, મોટી ફળી રાંદેર સુરત |
| ૧૭ | શ્રી સ્વામી નારાયણ એચ.વી. હાઇસ્કુલ યુનિટ-૧ પ્રગતી સોસા. સુધામા હોટલ તાડવાડી ન્યુ રાંદેર રોડ, |
| ૧૮ | શ્રી સ્વામી નારાયણ એચ.વી. હાઇસ્કુલ યુનિટ-૨ પ્રગતી સોસા. સુધામા હોટલ તાડવાડી ન્યુ રાંદેર રોડ, |
| | અડાજણ પો.સ્ટે. |
| ૧૯ | શ્રી સરસ્વતી વિદ્યાલય, હનીપાર્ક, અડાજણ, સુરત |
| ૨૦ | એલ.એચ. બોઘરા હાઇસ્કુલ,યુનિટ-૧ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૧ | એલ.એચ. બોઘરા હાઇસ્કુલ,યુનિટ-૨ અડાજણ રોડ, પાણીની ટાંકી સામે, સુરત. |
| ૨૨ | સેન્ટમાર્કસ હાઇસ્કુલ કરણપાર્ક પાછળ, હરીદ્વાર સોસા. પાસે અડાજણ સુરત. |
| ૨૩ | આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ પાલનપુર પાટીયા અડાજણ સુરત |
| ૨૪ | શાંતીનિકેતન વિદ્યામંદીર વર્ષા સોસા. પાલનપુર પાટીયા રાંદેર રોડ સુરત |
| ૨૫ | સીટીઝન સેકન્ડરી ઈંગ્લીશ મીડિયમ સ્કુલ, મંગલ તીર્થ એપા.ની પાસે, હનીપાર્ક રોડ, સુરત. |
| ૨૬ | એલ.પી.સવાણી વિદ્યાભવન, (ગુજરાતી, માધ્યમ), એલ.પી.સવાણી સર્કલ, હનીપાર્ક રોડ, |
| ૨૭ | એલ.પી.સવાણી વિદ્યાભવન, (અંગ્રેજી, માધ્યમ), એલ.પી.સવાણી સર્કલ, હનીપાર્ક રોડ, |
| ૨૮ | એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઇસ્કુલ, પાલનપુર પાટીયા, રાંદેરરોડ, સુરત. |
| ૨૯ | રીવરડેલ એકેડમી યુનીટ-૧ એલ.પી. સવાણી રોડ ટોયોટા શો- રૂમ પાસે અડાજણ. |
| ૩૦ | વિદ્યાકુંજ માધ્યમિક શાળા ઇગ્લીશ મીડીયમ, વૃંદાવન સોસા. રાંદેર |
| ૩૧ | વિદ્યાકુંજ , ઇગ્લીશ મીડીયમ સ્કૂલ ન્યુ પ્રથમ રોહાઉસ વીર ભગતસિંહ માર્ગ પાલનપૂર પાટીયા સુરત |

**નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૩૧ કેન્દ્રો છે.**

**:: અપવાદ ::**

વધુમાં હું આદેશ કરૂં છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: અમલવારીનો સમય ::**

આ હુકમ તા.૨૦/૦૪/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૨૦/૦૪/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: <u>જાહેર વિજ્ઞપ્તિ</u> ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :-૨૭/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર એસ. બી. સુરત શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ ( ઇમેઇલ દ્વારા મોકલાવવામાં આવે છે.)